સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

દારૂ ઢીંચીને સલમાનો બેફિકરા બને છે
અને એના સારથી બલિના બકરા બને છે
દિકરા બની કરે સેવા, ન્યાય ને સરકાર -
ને કાયદા તો માત્ર શોભાના ફકરા બને છે

હાઈકુ

ગુજરાતની
ખૂશ્બૂમાંથી 'કેગ'માં
આવી દુર્ગંધ..

વિકાસ 'બોમ્બ'
થયો સૂરસૂરીયું -
કેગ રિપોર્ટ

ચિંતન

ભિક્ષો માંસનિષેવણં કિમુચિતં કિં તેન મદ્ય વિના મદ્યં ચાપિ તવ પ્રિયં પ્રિયમહો વારાંગ નાભિઃ સહ ।
વેશ્યા દ્રવ્યરૂચિઃ કુતસ્તવ ધનં ધૂતેન ચૌર્યણ વા ચૌર્યધૂત પરિગ્રહ અપિ ભવતો ભ્રષ્ટસ્ય કાન્યા ગતિઃ ॥

હે ભિક્ષુક! યાચક તું શું માસ ખાય છે? એ શું સારું કહેવાય?

ભિક્ષુકઃ હા પણ માંસ ને પચાવવા અને તેને વધારે સ્વાદિષ્ટ બનાવવા જ દારું પીવો પડે છે.

કવિ : અરે તો તો તું દારૂ પણ પીવે છે એમ?

ભિક્ષુક : વારાંગના ની મહેફિલ દારુ વિના કેમ રસિક બને?

કવિ - પણ વારાંગનાની રૂચિ તો ધન-સંપત્તિમાં જ હોય છે તું તો યાચક છો - તો ધન-પ્રાપ્તિ ક્યાંથી કેવી રીતે કરે છે?

ભિક્ષુક - ધનપ્રાપ્તિ તો ચોરી કે જુગાર દ્વારા સરળ રીતે થાય છે.

કવિ - અચ્છા! તો તું જુગાર માટે ચોરી પણ કરે છે ખરું ને?

ભાઇ! એટલું સમજી લે કે જે સદાચારથી ભ્રષ્ટ થાય એનું સદા પતન અને અધોગતિ સિવાય બીજી કોઇ જ ગતિ નથી.

સુવિચાર

- કિસી સે કોઇ ભી ઉમ્મીદ રખના છોડ કર દેખો... તો યે દેખોંગે કી રીશ્તે નિભાના કીતના આસાન હો ગયા - અકબર જલાલપૂરી
- જે લોકો પોતાનું અસ્તિત્વ ભૂલી જવા તૈયાર હોય એ જ સાચો પ્રેમ કરી શકે - રજનીશ
- પ્રસન્નતા અને નૈતિક ફરજ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા હોય તો કાર્ય દિપી ઊઠશે - ફાધર વાલેસ
- ધર્મમાં સત્કારભાવ, દુઃખમાં સ્વીકારભાવ અને દોષમાં પ્રતિકારભાવ-સાધના માર્ગનાં આ ત્રણ અનિવાર્ય સોપાન છે - રમણ મહર્ષિ
- ખીલે ન બંધાતું ઢોર બબ્બે પૂરાય છે, સહુનો માર ખાય છે એમ ગુરુ વચનો ના ખીલે ન બંધાતો માણસ સંસારમાં રખડે છે અને કર્મસત્તાના હાથે માર ખાય છે - ડો. હરીશ દ્વિવેદી
- જૂઠની મદદથી જે કંઇ મેળવો એ પ્રાપ્તિ નથી, પણ ખોવાપણું છે, અને સત્યની માર્ગે જે કંઇ મેળવો એ ખોવાપણું નહીં પણ પ્રાપ્તિ છે. - વિમલ મિત્ર
- નજીક રહેલો જીવ પણ દ્વેષ ના કારણે દૂર થઇ જાય છે.. જ્યારે દૂર રહેલો જીવ પણ પ્રેમના કારણે નજીક આવી જાય છે - પૂજ્ય મોટા

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

હૃદયના ભાવ પડઘા પાડે છે પ્રેમ આપશો તો સામેથી પ્રેમ મળે અને નફરત કરો તો નફરત જ મળે.

લીલી અને એની સાસુને આંખ-હૃદય-મનમાં ઝેર હતું. બંનેને કોઇ આંખે દીઠું ગમતું નહીં. એ એક ફકીર પાસે ગઇ પોતાની પરિસ્થિતિ અને સાસુ પ્રત્યેનો અણગમો વ્યક્ત કરી - ધીમું ધીમું ઝેર આપવા કહ્યું જેથી મારી સાસુ થોડા સમયમાં મૃત્યુ પામે.

ઓલીયો તો સંત હતો. કહ્યું ઝેર તો આપું પણ આડોશ-પાડોશ અને પરિવારજનોને તારા પર શંકા ન જાય એટલા માટે હું કહું તેમ કરવું પડશે! હું એક ચૂર્ણ આપું છું એ ચૂર્ણ દરરોજ એક ચપટી દાળમાં નાખી તારી સાસુને ખવડાવજે. એક મહિનામાં નિકાલ... અને બીજું - એક મહિના સુધી તારે ખૂબ વિનમ્ર-નમ્રતા રાખી સાસુની સેવા કરવી અને ઘરનાં બધાંને મદદરુપ થવું જેથી કોઇને તારા પર શંકા ન જાય!

વહુ સમજી ગઇ. ઘરમાં પંદર દિવસમાં સ્વર્ગ ઊતરી આવ્યું. વહુના બદલાયેલા સ્વભાવથી ઘરમાં બધાં આનંદમાં આવી ગયા. સાસુ પણ 'મારી દીકરી' કહી વહુને વહાલ કરવા લાગ્યા. આવા પરિવર્તનથી વહુને મુંઝવણ થઇ. ફરી ઓલિયા પાસે ગઇ. કહ્યું પંદર દિવસથી ચૂર્ણ તો આપું છું પણ ઘરમાં બધા હવે મને ખૂબ પ્રેમ લાગણી આપે છે અને સાસુ પણ હવે સારી લાગે છે. આ પંદર દિવસનું બાકી ચૂર્ણ તમે પાછું લઇ લ્યો! ઓલિયો કહે - આ તો રામજન્મની પંજરી જ હતી. બાકી તો તારો સ્વભાવ બદલ્યો એનું જ આ પરિણામ છે!!

Email - sureshchandrabhatt18@gmail.com

અંડર-૧૯ વિશ્વકપ-૨૦૧૬ ક્યા દેશમાં યોજાનાર છે?

ખેલ-જગત

(૧) ઘોડેસવારીના રમતના મેદાનને શું કહે છે?
(અ) એરીના (બ) રેસકોર્સ
(ક) હોર્સ ગ્રાઉન્ડ (ડ) વેલોડ્રામ

(૨) સાયકલીંગની રમતના મેદાનને શું કહે છે?
(અ) ડાયમન્ટ (બ) વેલાડ્રોમ
(ક) સાયકલ પાથ (ડ) બાઇસીકલ ગ્રાઉન્ડ

(૩) કયો ખેલાડી હરિયાણા હરિકેન તરીકે ઓળખાય છે?
(અ) નવજોત સિંધુ (બ) મનિંદર સિંધ
(ક) દિલીપ વેસંરકર (ડ) કપિલ દેવ

(૪) સર આશુતોષ મુખરજી ટ્રોફી કઇ રમત માટે આપવામાં આવે છે?
(અ) બેઝબોલ (બ) ફૂટબોલ
(ક) બાસ્કેટ બોલ (ડ) વોલીબોલ

(૫) ફલાઇંગ શીખ તરીકે કોણ ઓળખાય છે?
(અ) મેજર ધ્યાનચંદ (બ) મનિંદર સિંધ
(ક) મિલ્ખા સિંહ (ડ) નવજોત સિંધુ

(૬) યુવાભારતી ક્રિડાંગણ ક્યાં આવેલું છે?
(અ) દિલ્હી (બ) લખનૌ
(ક) મુંબઇ (ડ) કોલકાત્તા

(૭) અશ્વિની પોપન્યા કઇ રમત સાથે સંકળાયેલ છે?
(અ) બેડમિન્ટન (બ) બોક્સિંગ
(ક) ફૂટબોલ (ડ) જીમનાસ્ટીક

(૮) વિઝડન દ્વારા સંમાનિત પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે?
(અ) પટોડી (બ) રણજિંત સિંહજી
(ક) જગદીશ પટેલ (ડ) ધ્યાનચંદ્ર

(૯) આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય મહિલા કોણ છે?
(અ) ઇન્દુલજી (બ) મેરી લીલા
(ક) કર્ણમ મલ્લેશ્વરી (ડ) પી.ટી. ઉષા

(૧૦) કયો ખેલાડી મૈસૂર એક્સપ્રેસ તરીકે ઓળકાય છે?
(અ) જવાંગલ શ્રીનાથ (બ) મનોજ પ્રભાકર
(ક) શ્રીકાંત (ડ) શ્રીશાંત

(૧૧) સ્પોર્ટ ઓર્થોરિટી ઓફ ઇન્ડિયા સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૪
(ક) ૧૯૯૦ (ડ) ૧૯૯૪

(૧૨) પોલોનું ઉદ્‌ગમ સ્થાન કયું રાજય ગણાય છે?
(અ) નાગાલેન્ડ (બ) મિઝોરમ
(ક) મણિપુર (ડ) આસામ

(૧૩) ટેનિસ ખેલાડી જેનિફર કેપ્રિયાતી કયા દેશની ખેલાડી છે?
(અ) ફ્રાન્સ (બ) બ્રિટન
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) અમેરિકા

(૧૪) ફિફા વર્લ્ડકપ-૨૦૧૪માં કયો દેશ ચેમ્પિયન બન્યો છે?
(અ) જર્મની (બ) ફ્રાન્સ
(ક) ન્યુઝીલેન્ડ (ડ) ચીન

(૧૫) અંડર-૧૯ વિશ્વકપ-૨૦૧૬ કયા દેશમાં યોજાનાર છે?
(અ) શ્રીલંકા (બ) બાંગ્લાદેશ
(ક) ભારત (ડ) પાકિસ્તાન

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૩ એપ્રિલ ૧૮૯૬ રાલ્ફ બી. બેન્ગનોલ્ડ - તેઓ ઇંગ્લીશ જીઓલોજીસ્ટ હતા. દરિયાઇ વાહન વ્યવહાર અને પવનની દિશા-ગતિ પર વિશેષ સંશોધન કરનાર
- ૩ એપ્રિલ૧૮૪૫ વિલિયમ જેમ્સ ફેરર - બ્રિટીશમાં જન્મેલા, ઓસ્ટ્રેલિયન એગ્રિકલ્ચર સાયન્ટીસ્ટ, વિકટ પરિસ્થિતિ સામે ટકી રહે તેવા ઘઉંની જાત વિકસાવનાર
- ૪ એપ્રિલ ૧૯૩૮ આનંદા ચકવર્તી - ભારતીય - અમેરીકન બાયોકેમીસ્ટ, જમીનશાસ્ત્રમાં પેટન્ટ કરાવનાર પ્રથમ વૈજ્ઞાનિક
- ૪ એપ્રિલ ૧૯૧૪ ઝડનેક કોપલ - તેઓ અવકાશ વૈજ્ઞાનિક હતા. રીફ્લેકટીંગ ટેલીસ્કોપપથી ચંદ્રની સપાટીના નકશા તૈયાર કરનાર વૈજ્ઞાનિક
- ૫ એપ્રિલ ૧૯૦૯ હેટ્ટી એલિઝાબેથ એલેક્ષઝેન્ડર - અમેરીકન પેડ્રીયાટીક તથા માઇક્રોબાયોલોજીસ્ટ મહિલા વૈજ્ઞાનિક. ઇન્ફ્યુએન્ઝા પર સંશોધન કરનાર
- ૫ એપ્રિલ ૧૮૯૯ અલ્ફ્રેડ બ્લાલોક - અમેરીકન સર્જન 'બ્લૂ બેબી' પર પ્રથમ સર્જરી કરનાર
- ૬ એપ્રિલ ૧૯૨૦ જેક કવર - અમેરીકન સંશોધક, તથા એરોસ્પેશ એન્જીનીયર, સ્ટેજર સ્ટન ગનના શોધક.
- ૬ એપ્રિલ૧૯૨૦ એન્ડમોન્ડ ફીસર - અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૯૨માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૭ એપ્રિલ૧૮૬૯ ડેવિડ ફેરચીલ્ડ - અમેરીકન બાયોકેમીસ્ટ, બોટાનીસ્ટ, અમેરિકામાં થતા વીસ હજાર કરતાં વધુ વનસ્પતિ વિષે માહિતી આપનાર વૈજ્ઞાનિક
- ૭ એપ્રિલ ૧૮૬૬ ઇવાર ફ્રેન્ડહોમ - સ્વીડનના વતની અને ગણિતશાસ્ત્રી, મેથેમીટીકલ ફીઝીક્સના માસ્ટર
- ૮ એપ્રિલ ૧૯૦૧ જીન પ્રાઓ - ફ્રેન્ચ એન્જીનીયર - પ્રિ ફેબ્રીકેટેડ મેટલ કન્સ્ટ્રકલશન-ટેકનોલોજીના તજજ્ઞ
- ૮ એપ્રિલ ૧૮૬૯ હેર્વી કુસીંગ - અમેરીકન ન્યૂરોસર્જન - બ્લડપ્રેસર પર સંશોધન કરનાર
- ૯ એપ્રિલ ૧૯૧૯ જે. પ્રેસ્પર એકર્ટ. જુનિયર - અમેરીકન એન્જીનીયર અને સંશોધન - પ્રથમ ઇલેક્ટ્રોનિક કમ્પ્યુટર વિકસાવનાર
- ૯ એપ્રિલ ૧૯૦૩ જયોર્જ પ્રિન્કસ - અમેરીકન એન્ડોક્રાયનોલોજીસ્ટ સ્ટેરોઇડ ગ્રંથિ વિશે સંશોધન કરનાર

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ૧૯૮૪માં દિલ્હી શીખ નરસંહાર કેસમાં તાજેતરમાં કયા કોંગ્રેસી નેતાને સીબીઆઇએ કલીન ચીટ આપી?

જવાબ - જગદીશ ટાઇટલર

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) રેખા એમ. જાદવ : સે-૩૦
(૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

આમ આદમી પાર્ટીના લોકપાલ તરીકે કોણ સેવા આપતું હતું?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૫૩ (૫૬) ૫૯ (૨૬) ૬ (૬૬) ૬૩ (૮૬) ૫૩ (૬૬)
૫૯ (૦૬) ૫૯ (૭) ૫૩ (૭) ૫૯ (૭) ૬ (૩) ૬ (૫) ૫૩ (૨) ૬ (૬) ૫૩ (૮) ૫૯ (૬)

આગળ વધળાની ઇચ્છા ધરાવનાર વિજય પ્રાપ્ત કરે છે, પ્રગતિની ઝંખના જ માર્ગદર્શન બને છે, આત્મશ્રદ્ધા ગુમાવ્યા વિના સતત શ્રમ - ઉન્નતિના બારણાં ખોલનાર તત્ત્વો છે, તમારી શ્રદ્ધા જ આગળ લઇ જાય છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

અુત ક્રમાતઃ પુરુષઃ ભાવ પન્થા મૃત્યો ખડવીશ ભવ ભુજ્જમાન ।
સા ચ્છિત્યા અસ્માલોકાદગ્ને સૂર્યસ્ય સદૃશા ॥
અથર્વવેદ ૮-૧-૪

'હે પુરુષ તમો રોગરુપી બંધનો કાપીને મૃત્યુના પાશમાંથી મુક્ત થાઓ. અગ્નિદેવ તથા સૂર્ય નારાયણના દર્શન કરી આ પૃથ્વીનો ત્યાગ ન કરો.'

- આચાર્ય શ્રીરામનું ભાષાંતર

હે પુરુષ, આગળ વધ, નીચે પડીશ નહીં, મૃત્યુના પાશને તોડ જરા પણ ગભરા નહી, અગ્નિ તથા સૂર્યના સાથથી કદિ અલગ ન થા. ઊઠ કર્મ કર. વિજય તારો છે.

- વેદવાણીનું ભાષાંતર

સનાતન જ્ઞાનના આર્ષદૃષ્ટા મહાન ઋષિઓ જેનું સાક્ષાત દર્શન થયું તે 'વેદ' પરમાત્મા દ્વારા માનવ-કલ્યાણ માટે નિર્મિત થયેલું અમૃત છે. તેમાં નૈતિક, ધાર્મિક તથા વૈજ્ઞાનિક સત્યો જ પૂર્ણ સ્વરુપે પ્રગટ થયેલા છે. જ્ઞાન, કર્મ તથા ઉપાસના એ વેદોના ક્રમ મનાય છે. તે પ્રમાણે જ તેઓનું અધ્યયન કરવામાં આવે છે. જ્યારે પુરાણોમાં ભક્તિ કે ઉપાસના પ્રથમ આવે છે. જ્ઞાનને અંતિમ છેડે મુકવામાં આવ્યું છે. ઋગ્વેદ જ્ઞાન, યજુર્વેદ કર્મ તથા સામવેદ ઉપાસના દર્શાવે છે. અથર્વવેદ ત્રણે વેદોને પોતાના ખોળામાં લઇ બેઠો છે.

અથર્વવેદનો આ મંત્ર આપણને ઘણા મોટા ભયમાંથી તારવાનો છે. આદ્ય જગતગુરુ શંકરાચાર્યજીએ આ જીવનના ચાર મહાભયો દર્શાવ્યા છે. જેમાં 'જન્મ, જરા, વ્યાધિ તથા મરણનો સમાવેશ થાય છે. માનવીએ આ ચારમાંથી મૃત્યુનો ડર સવિશેષ લાગે છે. મૃત્યુ અનિવાર્ય છે. તે જાણવા છતાં તેના પાશમાંથી છૂટવા માટે અથવા તો તેને વિલંબિત કરવા માટે સતત પ્રયત્નો કરતા રહે છે. મૃત્યુની ઘડી નજીક આવે છે ત્યારે અથવા તો તેના સંકેતો પ્રાપ્ત થાય છે. ત્યારે વ્યક્તિનું તમામ જ્ઞાન વિસ્તૃત થઇ જાય છે. આ શરીર નાશવંત છે તેવું પોપટગાણું ગાનાર મૃત્યુના સાક્ષાત્કાર સમયે ઢીલા થઇ જાય છે.'

આનું કારણ આસક્તિ તથા મોહ છે. 'નદી નાવ સંજોગ' જેમ કાળના વિસ્તૃત પટમાં એકત્રિત થયેલ વ્યક્તિઓ સંયોગાધિન અલગ પડે છે. ભર્તુહરિના જણાવ્યા પ્રમાણે આ તો મહાસાગરના મોજાના ઝપાટાએ ઘડીભર એકઠા કરેલા લાકડાના ટુકડા જેવું આપણું છે.

અથર્વવેદમાં અનેક પ્રકારના ઔષધિ - પ્રયોગો તથા વિભિન્ન રોગ પરની ઔષધિઓ વિશે વિસ્તૃત લખાયું છે. હાલમાં આમાં ઉલ્લેખાયેલા ઘણી ઔષધિઓ અપ્રાપ્ય બની હોય તેમ જણાય છે. ઋષિ ઔષધ તથા મંત્ર-પ્રયોગ વડે રોગીને હવે મૃત્યુનો પાશ હટી ગયો છે તેવું આશ્વાસન આવે છે તમે રોગમુક્ત થયા છો. નવો અવતાર પામ્યા છો. આ નવા અવતારોમાં અગ્નિ તથા સૂર્ય સાથે સમન્વય સાધજો. સૂર્ય - નારાયણનાં આશ્રય લેવાનો સંકેત ઘણું સૂચવી જાય છે. 'વેદ' માં સૂર્યને જાગૃત દેવ તથા સમસ્ત બ્રહ્માંડના પ્રાણ ગણાવ્યા છે. સૂર્ય પ્રાણદાતા - શક્તિદાતા તથા અન્નદાતા છે. જ્ઞાન-વિજ્ઞાનના આદિ દેવ છે. ગાયત્રી-મંત્રના સૂર્યની જ ઉપાસના છે. જેમ સૂર્યનો ઉદય સમસ્ત વિશ્વને પ્રકાશથી ભરી દે છે. તેમ માનવ ચિત્તમાં થતો જ્ઞાનનો પ્રકાશ તેના સમગ્ર જીવનમાં પરિવર્તન આણી ચિત્તને આનંદથી ભરી દે છે. અંતઃકરણ પવિત્ર તથા ઉજ્જવળ બનતા આપણા કર્મ પણ સત્ બને છે. કર્મો જ સંસારનું સારભૂત સત્ય છે. કર્મ ન હોય તો સંસાર પણ ન હોય. સંસારના સુખ પાછળ દોડવા કરતાં શ્રેષ્ઠ કર્મો કરવા તરફ ધ્યાન આપો. વાંછિત સુખ જો અનિચ્છનિય તો સંસાર કષ્ટમય તથા દુઃખદ. માટે સૂર્ય - ભગવાન પાસે સદ્‌બુદ્ધિની માગણી કરવામાં આવે છે. ગાયત્રી એ દૃષ્ટિએ કામધેનુ સમાન છે.

ઋષિ ઔષધિઓ પ્રભાવ દર્શાવી આગળના જીવન માટેનો માર્ગ દર્શાવતા વધારામાં જણાવે છે કે સૂર્ય જેમ અગ્નિ પણ સાક્ષાત શક્તિ - સ્વરુપા દેવ છે. લાંબા જીવન માટે અગ્નિનું પણ સેવન કરો. અગ્નિનું સેવન એટલે ઊર્જા - પ્રાપ્તિના પ્રયત્નો. જીવન જીવવા માટે વિવિધ પ્રકારની ઉર્જાની જરુર પડે છે હવે માત્ર શારીરિક - બળ વડે જીવી ન શકાય. બૌદ્ધિક ઉર્જા આ યુગની સંપદા છે. તમમો પુનર્જન્મ પામ્યા છો તે અનુરુપ જીવનનું ઘડતર કરો. આજકાલ 'શો-મેન-શીપ' ચાલે છે. વ્યક્તિ પોતે છે તે કરતાં વિશેષ દર્શાવવા સતત પ્રયત્નો કરતો રહે છે. અને તે માટે વિવિધ - પ્રકારના આવરણો ધારણ કરે છે. પૂજ્ય સ્વામી વિવેકાનનંદે કહેલું 'મારો દેશ કપડાં પરથી વ્યક્તિનું મૂલ્યાંકન કરતો નથી.' હવે કદાચ આપણે આવરણને વધારે મહત્તા આપવા લાગ્યા છીએ. આવરણ નહિ પણ આચરણ જ જીવનમાં મહત્ત્વનું છે. ભભકદાર વસ્ત્રો - બાહ્ય વિવેક તથા ખોટા સ્મિતથી જનતા ભોળવાય છે, અને આંતરિક કર્મો તથા આચરણો જોતા નથી. વ્કતિએ પણ એ પ્રગતિ જ સાધવી હોય તો મનપરના આવરણો. દંભ તથા અભિમાનનો ત્યાગ કરી અંતઃકરણ નિર્મળ કરવું જોઇએ. આત્મ-તત્ત્વનો પરિચય સાધવો જોઇએ. ઊર્જાની આ ઉપાસના છે. તેથી જ અત્રે સૂર્ય તથા અગ્નિનો ઉલ્લેખ નવ-જીવન માટે થયો છે. વેદના અભ્યાસી તથા પ્રખર સાતા 'વેદવાણી'ના સર્જકે આ મંત્રનો વિશિષ્ટ અર્થ તારવ્યો છે. આજના યુગમાં વારંવાર હતાશામાં સરી પડતા યુવાનો માટે આ પ્રોત્સાહક વાણી છે. જીવનમાં નાની- મોટી નિષ્ફળતાઓ તો અવાર-નવાર સૌને આવે પણ કેટલાક માણસો નિષ્ફળતાને જીરવી નથી શકતા અને હતાશામાં સરી પડે છે. હતાશા (ડિપ્રેશન) એ તો મરણને જ આમંત્રણ છે. આ મંત્રમાં આવી વ્યક્તિ માટે પડકાર છે કે નિરાશ ન થાઓ. તમારા પોતાના લક્ષ્યને ન ચૂકો. કાયમ માટે ઊચ્ચ લક્ષ્ય સાધો. કદાચ નિષ્ફળ જાઓ તો પણ યાદ રાખજો. 'નિષ્ફળતા નહિ પણ નીચું લક્ષ્ય જ જીવન બરબાદ કરે છે.' શા માટે નિરાશામાં સરી પડવાનું. શા માટે વગર વિચાર્યે મૃત્યુના પાશમાં સપડાવાનું. જીવનમાં આવતા તમામ ભયનો સામનો કર. ડરવાની જરૂર નથી. આત્મશક્તિ કેળવી મરણ પર વિજય પ્રાપ્ત કર. આ વિશ્વમાં અનેક માણસોએ પોતાની વિવિધ - પ્રકારની અક્ષમતાને પાર કરી છે. અને પોતાનું સ્થાન તથા નામ ઇતિહાસમાં નોંધાવ્યું છે. તાતા ગ્રુપના સર્જક, અદાણી ગ્રુપના નિયામક તથા કરસનભાઇ પટેલ - એ આપમી નજર સમક્ષના ઉત્તમ ઉદાહરણો છે. આ તમામની પ્રગતિના પાયામાં પડ્યા છે. સતત કર્મો, કર્મશીલતા જ તેની આરાધ્ય દેવી. કર્મમાર્ગ પર અવિરત ડગલા માંડતા કાંટાં-કાંકરાં વાગે, પગ ઘવાય, પણ મક્કમ ડગલું જો આગળ ઉપડે તો સફળતા તમારા ખોળામાં, જો ડગલું પાછું હટ્યું, આંખમાંથી નિરાશાનું અશ્રુબિંદુ ખર્યું ને મન નિરાશામાં ભરાઇ ગયું તો પતનનો માર્ગ ખુલ્લો થાય છે. અહીં પણ અગ્નિ તથા સૂર્યનો સાથ ન છોડવાની વાત છે કર્મ જ્ઞાનયુક્ત હોય. સમજણ પૂર્વકનું હોય તો જરુરી માર્ગ મળી જાય છે. સૂર્ય નારાયણ માટે વેદમાં ગવાયું છે.

સવિતા સર્વ ભૂતાના સર્વ ભાવાશ્ચ સૂર્યતે
સર્વનાત્પ્રેરણાન્યૈવ સવિતા તદ્ અુચ્યતે ॥

સમસ્ત તત્ત્વો, સમસ્ત પ્રાણીઓ તથા સમસ્ત ભાવોને પ્રેરણા આપનાર હોવો કારણે 'સવિતા' કહેવાય છે.

આગળ વધળાની ઇચ્છા ધરાવનાર વિજય પ્રાપ્ત કરે છે. પ્રગતિની ઝંખના જ માર્ગદર્શન બને છે. આત્મશ્રદ્ધા ગુમાવ્યા વિના સતત શ્રમ - ઉન્નતિના બારણાં ખોલનાર તત્ત્વો છે. તમારી શ્રદ્ધા જ આગળ લઇ જાય છે. શ્રદ્ધાનું મહત્ત્વ છે. શ્રદ્ધેયનું નહિ. અગ્નિ પ્રાપ્તિ ઊર્જા શક્તિ તથા સામર્થ્ય ન થાય. આ માટે જ ઋચામાં સૂર્ય તથા અગ્નિ બંનેનો સાથ લેવાની વાત છે. સૂર્ય જ્ઞાનદાતા છે, તો અગ્નિ પાંગળુ રહે. તેમ જ્ઞાન-વિનાની શક્તિ પશુબળ સમાન થાય. માટે જ સૂર્ય તથા અગ્નિનું સાંનિધ્ય કેળી હે માનવી તું સર્વોચ્ચ સ્થાન પહોંચી શકે તેમ ઋચા જણાવે છે.

પ્રભુ પ્રાર્થના

સામાન્ય પ્રણાલિકા એવી પ્રવર્તે છે કે ઘરે સેવામાં બેસીએ કે મંદિર દર્શન કરવા જઇએ ત્યારે પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

પ્રભુ પ્રાર્થનામાં આપણે સામાન્ય રીતે જે પ્રાર્થના કરીએ છીએ તેના દૃષ્ટાન્તો જોઇએ. દૃષ્ટાન્તો માં હે પ્રભુ મને સુખ આપજે, ધન આપજે, મારા સંતાનોની રક્ષા કરજે, સંતાન વિહોણા સ્ત્રી પુરુષ સંતાનની માંગણી મુકે, માંદા માણસો માંદગીમાંથી છુટકારો મળે તેમ પ્રાર્થના કરે. સંતાનોના અભ્યાસની પ્રાર્થના કરે તથા તેમના ધંધામાં બરકત આવે તેમ પ્રાર્થના કરે. આમ માંગણીઓના રૂખી પ્રાર્થનાઓનો ઘોધ વરસે છે.

પરંતુ આપણે નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રાર્થના કરીએ તો તે પ્રાર્થના આદર્શ પ્રાર્થના બનશે.

પ્રભુ મારી પ્રાર્થના છે કે આપના ચરણોમાં પ્રીતિ થાય. ચાહે દુઃખના ડુંગરા પણ તુટી પડે તો પણ આપનું સ્મરણ ન ભુલાવું જોઇએ, સુખના સાગર ઉમટે તો પણ આપની સેવામાં મારું ચિત્ત સદા પરોવાયેલું રહે. પ્રભુને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ મારામાં દોષો ઘણા છે પણ તેને લક્ષમાં ન લેશો પરંતુ પોતાનો જાણી માફી આપશો. પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ કે તમારા વિયોગથી મારું મન તડપે છે. આથી હું માગુ છું કે આપ મારાથી અળગા ન થશો. આ સંસારમાં હું ફસાઇ ગયો છું કૃપા કરીને પ્રભુ આપ મને આમાંથી ઉગરવાનો રસ્તો બતાવો.

પ્રભુ મારી પ્રાર્થના છે કે આપના મંગલ દર્શન મને સદાય સદાને થયા કરે તથા આપના ચરણ કમલમાં મારો વાસ થાય, આપના ચિંતનમાં જ મારું મન વ્યસ્ત રહે. ગોપીજનોને જેવી રીતે આપ પ્રિય બન્યા હતા એવી કૃપા આપ મારા પર પણ કરશો. આપનામાં દૃઢ આશ્રય થાય એવી કૃપા કરશો. મારા દેહ અને મન આપને પ્રિય થાય એવી કૃપા કરશો. હું આપની સ્તુતિ કરવાને અશક્તિમાન છું કારણ કે આપનું મહાત્મ્ય અપરંપાર છે. મને સદા માટે મનુષ્ય જીવન આપજો જેથી હું તમારી સેવા સદાય કરી શકું. પ્રભુ મને એવી શકિત આપજો જેથી મન, વાણી, કર્મથી આપના ગુણગાન ગાઇ શકું. મારામાં રહેલા અવગુણોને ચિત્તમાં ન ધરશો એવી પ્રાર્થના કરી વિરમું છું.

- જી.એ. શાહ